ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર ૨૧ ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૪ શુક્રવારે "ગોવર્ધન પર મુરવા બોલે માઈ" ની થીમ પર મયૂર કુટીર દર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ સુંદર સજાવટ કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન નો લાભ લીધો હતો.

આજથી પૂજ્ય ગુરુમાના શિવમહિમ્ન સ્તોત્રના પ્રવચનનો શુભારંભ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન હોલ, સેક્ટર-૧૨ ખાતે ૨૨ થી ૩૦ દરમિયાન દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન ભક્તિસત્ર-પ્રવચનનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

સમદર્શન આશ્રમ પરિવાર દ્વારા ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ના હૉલમાં આજથી તા. ૨૨ થી ૩૦ જુલાઈ ૨૦૨૩ દરમિયાન શિવમહિમ્નસ્તોત્ર - ભક્તિસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી શિવમહિમ્નસ્તોત્ર ના એક-એક શ્લોકનો મહિમા સમજાવતા પ્રવચન કરશે.

જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના સાક્ષાત સ્વરૂપ એવા પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ગાંધીનગરના સેક્ટર-૧ માં, સમદર્શન આશ્રમમાં ૨૫ વર્ષોથી નિયમિત ગીતાજી અને ઉપનિષદનો સત્સંગ કરાવે છે. સત્સંગનું ૨૫મુ વર્ષ 'કૃપાપર્વ' તરીકે ઉજવાઈ રહ્યું છે. ત્યારે અધિક માસમાં ગાંધીનગરના

ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં પૂજ્ય ગુરુમાના સત્સંગનો લાભ લઈ શકે એ હેતુથી સમદર્શન પરિવાર દ્વારા શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાન શિવના ગુણો, મહત્વ અને મહિમાનું ગાન ગાતા શિવમહિમ્નસ્તોત્રનું શ્રવણ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, અનંત શક્તિ પ્રાપ્ત થાય છે, સાંસારિક દુઃખોમાંથી મુક્તિ મળે છે અને જીવન આનંદમય બને છે. શિવમહિમ્નસ્તોત્રના શ્રવણથી ઉન્નતિ, સુખ, શાંતિ, આનંદ, સંતોષ, સફળતા અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. શિવમહિમ્નસ્તોત્ર અંતર્મનને શુદ્ધ કરે છે. ભક્તિ અને આધ્યાત્મિકતા ઉજાગર કરતા શિવમહિમ્નસ્તોત્રના શ્રવણનો લ્હાવો લેવા અને દિવ્યતાની અનુભૂતિ કરવા તારીખ ૨૨ થી ૩૦ જુલાઈ દરમિયાન દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨માં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા જોખમી સગર્ભા સાથે એસબીસીસી ટીમ દ્વારા ૧૭ મી બેઠક

ગાંધીનગર, તા. ૨૧

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ. જે. વૈષ્ણવ ના માર્ગદર્શન હેઠળ દહેગામ તાલુકાના પ્રા.આ.કે. બહિયલ ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,કેયુર જયસ્વાલ, રીચા પટેલ અને મેડિકલ ઓફિસર ડૉ બૈધનાથ રામ તેમજ પ્રા.આ.કે સ્ટાફે હાજરી આપી હતી.

ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી અને યોગ,પ્રાણાયામ વિશે સમજણ આપવામાં આવી હતી.

આ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુકોઝ , એફ. સી.એમ.ઈન્જેક્શન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને કેળા આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવી હતી.

કાઈમ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા વાવોલ પ્રાથમિક શાળામાં બાલ જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

કાઈમ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનની રાહબરી હેઠળ શાળાના બાળકો માટે બાલ જાગૃતિ લાવવાનો માહિતી સભર કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામની પ્રાથમિક શાળામાં કાઈમ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગર ટીમના વડા વીણાબા ઝાલાની આગેવાની હેઠળ વાવોલ પ્રાથમિક શાળાના બાળકોની મુલાકાત લીધી હતી. જેમાં બાળકોને મળતા અધિકાર, બાળકોને કઈ રીતે એક્ટિવ કરવા, બાળકોમાં જાગૃતતા લાવવા, અજાણ્યા માણસોથી શું ધ્યાન રાખવું, બાળકો પર જે અત્યાચાર થતા હોય છે તે રોકવા અને કઈ રીતે રોકવા તે અંગેની સંપૂર્ણ જાણકારી શાળાના બાળકોને આપી હતી. સાથે સાથે બાળકોને સરકાર દ્વારા જારી કરવામાં આવેલ "ચાઈલ્ડ લાઈન ટોલ ફ્રી નંબર ૧૦૯૮"ની

પણ જાણ કરવામાં આવી હતી. જેથી કોઈ વાર બાળક મૂંઝવણમાં હોય કે તકલીફમાં હોય તો આ ટોલ ફ્રી નંબરનો ઉપયોગ કરી સરકારની સહાય મેળવી શકે. આજના બાલ જાગૃતિ કાર્યક્રમમાં વીણાબા ઝાલા, જ્યોત્સના બેન શર્મા, હીનાબેન શાહ, નલીનીબેન, વાઈસ પ્રેસિડન્ટ, નિખીલેશભાઈ, મધુબેન, ભારતીબેન પોપટ, અનંતભાઈ સહીત કારોબારી સભ્યો તથા શિક્ષકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વીણાબા ઝાલાએ શાળા પરિવારનો આભાર માનતા જણાવ્યું હતું કે "આજના સમયમાં બાળપણ સુરક્ષિત નથી. માટે અમારે અવા બાળલક્ષી કાર્યક્રમો કરવા પડે છે. નાના બાળકોમાં જાગૃતતા આવે એ જ અમારો પવિત્ર આશય છે. અમે ભવિષ્યના ભારતને સુરક્ષિત અને મજબૂત ઈચ્છીએ છીએ." કાર્યક્રમના અંતમાં બાળકોને બિસ્કીટ અને ચોકલેટ આપી સંસ્થાએ રાજીપો વ્યક્ત કર્યો હતો.

એસ વી સ્કૂલમાં ઈન્વેસ્ટિચર સેરેમની કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૦

એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં ઈન્વેસ્ટિચર સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના વિદ્યાર્થીઓને અલગ અલગ હોદ્દાઓ આપવામાં આવ્યાં હતાં જેમકે સ્કૂલ કેપ્ટન, પરેડ કેપ્ટન, સ્પોર્ટ્સ કેપ્ટન, ક્લિન્લિનેસ કેપ્ટન વગેરે ઉપરાંત ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને પાંચ હાઉસમાં વિભાજિત કરવામાં આવ્યાં હતાં. જેમકે ગ્રીન હાઉસ, રેડ હાઉસ, બ્લૂ હાઉસ, ઓરેન્જ હાઉસ અને યલ્લો હાઉસ વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ પરેડ કરી હતી. કાઉન્સિલ સભ્યોના વાલીઓએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી. એસ વી સ્કૂલનાં પ્રિન્સિપાલ સુખરામ ચૌધરીએ વિદ્યાર્થીઓને સરસ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ તેમને મળેલા હોદ્દાઓને નિષ્ઠાપૂર્વક નિભાવવા માટે પ્રતિજ્ઞા પણ લીધી હતી.

સમર્પણ મુક બધીર શાળાના દિવ્યાંગ બાળકોએ હોટલ ફોર્ચ્યુન ઈન હવેલીની મુલાકાત લીધી

હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી, ગાંધીનગર દ્વારા ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આઈટીસીના ફોર્ચ્યુન ગ્રુપને ૨૮ વર્ષ પૂર્ણ થતા તેમના કોર્પોરેટર સોશિયલ રિસ્પોન્સિબિલિટીની ઉડાન ટીમ દ્વારા સમર્પણ મુક બધીર શાળા, સેક્ટર-૨૮ ના બાળકોને હોટલની મુલાકાત કરાવી હતી.

દિવ્યાંગ બાળકો હોટલ ફોર્ચ્યુન ઈન હવેલીમાં પ્રવેશતા જ તેમનું સ્વાગત ગુલાબની પુષ્પવર્ષાથી કરવામાં આવ્યું હતું.

હોટલના સીએસઆર કોડીનેટર દીપિકા સિંગ અને તારક ધોળકિયાએ બાળકોને હોટલના જુદા જુદા ડિપાર્ટમેન્ટની મુલાકાત કરાવીને તેની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ હોટલના જનરલ મેનેજર નાગેન્દ્ર સિંહ રાઠોર એ સ્વાગત પ્રવચનમાં ફોર્ચ્યુન ગ્રુપની ૨૮ વર્ષની યાત્રા વિષે માહિતી આપીને સૌનું સ્વાગત કર્યું હતું અને હોટલની મુલાકાત બદલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સમર્પણ નો આભાર માન્યો હતો.

દિવ્યાંગ બાળકોને રમત રમાડ્યા પછી હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી દ્વારા પીઝા, ફ્રેન્ચ ફ્રાઈસ, નુડલ્સ, મંચુરિયન, સ્માઈલીશ સાથે પેસ્ટ્રીનો લાજવાબ નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ નાસ્તાને મન ભરીને માણીને બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા.

આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ થી ડો. મયુર જોષીએ હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી, ગાંધીનગરની સમગ્ર ટીમનો આભાર માન્યો હતો અંતે દરેક બાળકને ઉડાન ટીમ દ્વારા સુંદર મજાની ભેટ આપીને રવાના કરવામાં આવ્યા હતા.

'સર્વત્ર ઉમાશંકર' પારસમણી ફાઉન્ડેશન દ્વારા ઉમાશંકર જોશી જયંતીની ભવ્ય ઉજવણી

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઉમાશંકર જોષી ૧૧૨મી જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ૭૫ કાર્યક્રમનું આયોજન અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ અન્વયે ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ પારસમણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર શ્રી પી.કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, સેકટર-૭ ખાતે શુક્રવાર દિનાંક ૨૧ જુલાઈ સવારે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું દીપ પ્રાગટય કવિ કિશોર જિકાદરા, કલ્પેશ પટેલ, સંજય થોરાત, ડૉ. અશ્વિન ત્રિવેદી એડવોકેટ, ડૉ. મયુર જોષી અને આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું જ્યારે ઉમાશંકર જોશી જયંતીના આ કાર્યક્રમ વિશે પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે પોતાની વાત મૂકી જણાવ્યું હતું કે આર્ટ્સ કોલેજની ગુજરાતી વિષયની વિદ્યાર્થીનીઓ સામે ઉમાશંકર જોશીની વાત મુકવાથી આ કાર્યક્રમ યથાર્થ રીતે ચરિતાર્થ થયો છે.

જરાતના જાણીતા ગઝલકાર કવિ શ્રી કિશોર જિકાદરાએ ઉમાશંકર જોષીની કાવ્ય રચનાઓનું પઠન કર્યું હતું જ્યારે જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર શ્રી કલ્પેશ પટેલે ઉમાશંકર જોષીનો વાર્તા વૈભવ અને નિબંધ વિશે વાત કરી હતી. કોલેજના પ્રા. ઉર્મિલા ચૌધરીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન ઉમાશંકર જોષી વિશેના અભ્યાસુ ડૉ. લીના સ્વાદીયા દ્વારા કરવામાં આવ્યું હતું એમણે પણ ઉમાશંકર જોશીની ઘણી માહિતી આપી હતી. આજનો 'સર્વત્ર ઉમાશંકર' કાર્યક્રમ ખૂબ યાદગાર બની રહ્યો. પારસમણી ફાઉન્ડેશનના કવિ શ્રી કિશોર જિકાદરા, ડૉ. અશ્વિન ત્રિવેદી, ડૉ. મયુર જોષી અને રૂપિન શાહ સાથે આજે ૨૦૫ આર્ટ્સની વિદ્યાર્થીનીઓ, ૨૨ સુજ્ઞ શ્રોતા, ૮ પ્રાધ્યાપક અને ૭ મહેમાનો સાથે કુલ ૨૪૨ જણાએ આ ઉમાશંકર જોશી જયંતી કાર્યક્રમને દિલથી માણ્યો હતો.

આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર નટુભાઈ પરમાર, રમણભાઈ વાઘેલા, પ્રવીણ શ્રીમાળી, નિલેશ થાનકી, સુમંત શાહ, કે. કે. પટેલ, મહેન્દ્રભાઈ રાઠોડ, રેખા રાવલ વગેરે હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ પ્રા. મુન્નાબહેન ચૌધરીએ કરી હતી જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવનો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સરકારી વાણિજ્ય કોલેજ ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે ૨૦મીના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન

કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ને સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા આવકારવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને કોલેજની વિવિધ માળખાગત સુવિધાઓ તેમજ કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ થી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એ. એન. સુતરીયા ના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમના કોઓર્ડીનેટર પ્રો. કિશરી મોદી તેમજ એન.એસ.એસ કોઓર્ડીનેટર પ્રો. મનસુખ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું.

જન્મદિને વધામણી

મુકુન્દભાઈ ચંદુલાલ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯

પ્રેમ યમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭

દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯

દ્વિજરાજસિંહ અંક્તિસિંહ ચાવડા

નિધિ અશ્વિનકુમાર પંડ્યા



નિધિ અશ્વિન પંડ્યા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

શૌર્ય જસ્મીન જોષી
મો. ૯૮૭૯૭ ૪૯૦૯૫

ઠાકર સંકેત સતીશકુમાર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં અડાલજ વાવ અને ત્રિમંદિરની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૨૦-૭-૨૦૨૩ ગુરૂવારના દિવસે ધોરણ - ૪ ના વિદ્યાર્થીઓને શાળાની બસ દ્વારા અડાલજની વાવ, ત્રિમંદિરની મુલાકાત લીધી હતી.

અડાલજની વાવમાં બાળકોએ ઐતિહાસિક માહિતી મેળવી હતી અને પછી ત્રિમંદિરમાં વિવિધ પ્રદર્શન જોયા આમ બાળકો ઉત્સાહભેર ત્યાંના પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ધોરણ - ૪ ના ૧૪૦ વિદ્યાર્થીઓ આ મુલાકાતમાં જોડાયા હતા. બાળકોને ખૂબ જ મજા પડી હતી.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી ઈન્સ્ટીટ્યુટ અડાલજ ખાતે GBRC LABORATORYની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૧

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના post Garduate (M.pharm)નાં ૨૫ વિદ્યાર્થીઓને ગુજરાત બાયોટેકનોલોજી, રીસર્ચ સેન્ટર (GBRC), ગાંધીનગર ખાતે મુલાકાત લીધી હતી. તેમાં ડૉ. નીરજ સિંગ Scientist Dean (જોઈન્ટ ડાયરેક્ટર) અને ડૉ. દર્શન એ PCR, MASS SPECTROPHOTOMETRY, UPLC, PLANT TISSUE CULTURE, BIOINFORMATICS, MICROBIOLOGY, PROTEOMICS વિષે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. સૌરભ જૈન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.સોલંકી ઈન્દીરાબેન ગાભુસંગ - ઉ.૫૩, દોલતાબાદ, સા.કાં.
- સ્વ. ઠાકોર વેલાજી ગોપાલજી ઉ.વ. ૭૧, ઈન્દ્રોડા
- સ્વ. જાપડીયા ઉર્વશીબેન બાબુભાઈ ઉ.વ. ૫૭, ગાંધીનગર